સત્સંગ



# નેપાલમાં તો લગભગ સર્વત્ર ભારતીય ચલણ ચાલે જ છે, આ બહેનને શું વાંધો છે?



મહાભારતનું મનોરૂપ

ભાણદેવ

અમારી પાસે નેપાલી ચલણ નથી, તેનું શું? નેપાલમાં તો લગભગ સર્વત્ર ભારતીય ચલણ ચાલે જ છે. આ બહેનને શું વાંધો છે? જોમસુમ નેપાલનો જ ભાગ છે, પણ તે નેપાલના સીમાન્ત પ્રદેશ પર છે. અહીંના નિવાસીઓને ભારતીય ચલણનો ખાસ પરિચય નથી, તેથી જ આ ફળ વેચનારી બહેન અમારા ભારતીય રૂપિયા લેવાનો ઈન્કાર કરે છે.

અમારા આ નવા મિત્રે મધ્યસ્થી કરી. ફળવાળી બાઈને ભારતીય રૂપિયા સ્વીકારી લેવા સમજાવી. કામ ચાલ્યું. અમે આગળ ચાલ્યા. અમારા આ નવા મિત્રનું નામ દોરમા છે. આ દોરમાજીનો સંગાથ અમારા માટે અગિયારમી દિશા સમાન જ નીવડયો. દોરમાજી નેપાલના લશ્કરમાં ઑફિસર છે. તેઓ મસ્તાંગના વતની છે અને અત્યારે રજા ભોગવવા માટે પોતાને વતન મસ્તાંગ જઈ રહ્યા છે. દોરમાજી મૂળ તિબેટિયન વંશના બૌદ્ધ છે; પરંતુ હવે તો નેપાલી નાગરિક છે. નેપાલના ઉત્તરી વિસ્તારમાં તિબેટિયન વંશની પ્રજા વસે છે. સદીઓ પહેલાં આ પ્રજા તિબેટથી અહીં આવીને વસી છે. દોરમાજી તેમાંના એક છે.

અમે દોરમાજીને મુક્તિનાથનો રસ્તો પૂછ્યો. અમને તેમનો પ્રોત્સાહક ઉત્તર મળ્યો

“ચાલો, ચાલો મારે પણ તે જ રસ્તે જવાનું છે. કાક બેની સુધી આપણે સાથે જ ચાલવાનું છે. કાક બેનીથી આપણા રસ્તા જુદા ફંટાશે. તમે મુક્તિનાથની પગદંડી પકડી લેજો. હું મસ્તાંગની પગદંડી પકડીશ.”

હવે અમે ગંડકીના પ્રવાહમાં ચાલી રહ્યા છીએ. દોરમાજી અમને આ વિસ્તારનો પરિચય કરાવી રહ્યા છે. આ સમગ્ર ક્ષેત્રને શાલિગ્રામ ક્ષેત્ર કહેવામાં આવે છે. ગંડકી નદીની બંને બાજુ ઊંચા પહાડો છે.

આ પહાડોને પણ શાલિગ્રામના પહાડો કહેવામાં આવે છે. રખેને એમ માની લેતાં કે આ પહાડો આખા જ શાલિગ્રામના બનેલા છે. ના, ના! આ પહાડો રાખ જેવી સાવ પોચી માટીના બનેલા છે. આ પહાડોની માટીની વચ્ચે શાલિગ્રામ દટાયેલા છે. આ પહાડોની માટી એટલી પોચી છે કે તેમના પર ચાલી જ ન શકાય. ચાલવા જઈએ તો લપસીને સીધા જ નદીમાં આવી જવાય. પહાડના આવા સ્વરૂપને કારણે જ તેમના પર પગદંડી બની જ ન શકે અને તેથી પગદંડી

> **આ પહાડોને પણ શાલિગ્રામના પહાડો કહેવામાં આવે છે. રખેને એમ માની લેતાં કે આ પહાડો આખા જ શાલિગ્રામના બનેલા છે. ના, ના! આ પહાડો રાખ જેવી સાવ પોચી માટીના બનેલા છે. આ પહાડોની માટીની વચ્ચે શાલિગ્રામ દટાયેલા છે. આ પહાડોની માટી એટલી પોચી છે કે તેમના પર ચાલી જ ન શકાય**

નદીના પ્રવાહમાં જ છે.

અમે ક્યારેક રેતીમાં, ક્યારેક પાણીમાં અને ક્યારેક કિનારાની માટીમાં ચાલીએ છીએ. કાલાપાની સુધી તો અમારે આમ જ ચાલવાનું છે. અમારા સહયાત્રી મિત્ર દોરમાજી આ વિસ્તારનો પરિચય આપતા રહે છે. આ વિસ્તારમાંથી ગંડકીની સાત ધારાઓ નીકળે છે. તેમને સપ્તગંડકી કહે છે. અમે જેના પટમાં ચાલી રહ્યા છીએ, તે કૃષ્ણાભધારા કે કાલીગંડકી છે. આ કૃષ્ણાભધારા દામોદરકુંડમાંથી નીકળે છે. આ ગંડકી અને તેની આજુબાજુના વિસ્તારમાંથી શાલિગ્રામ મળે છે. તેથી જ આ ગંડકીને શાલિગ્રામી કે નારાયણી પણ કહે છે.

નારાયણીનો જળપ્રવાહ ખૂબ નિર્મળ છે. આ જળ વરસાદનું જળ નથી. ચારેબાજુ હિમાચ્છાદિ શિખરો છે. હિમ ઓગળીને આ જળપ્રવાહ બને છે.

હવે જળપ્રવાહમાં અને રેતીમાં ક્યાંક-ક્યાંક શાલિગ્રામ નજરે ચડે છે. અમે શાલિગ્રામ વીણવાનું શરૂ કર્યું. આ શાલિગ્રામ અહીં આ નદીના પ્રવાહમાં ક્યાંથી આવ્યા? બંને બાજુના પોચી માટીના પહાડોમાં અપરંપાર શાલિગ્રામ દટાયેલા છે. આ પહાડોના નાના–મોટા ભાગો ગંડકીના પ્રવાહમાં ધસી પડતા હોય છે. આ વિસ્તારમાં જલવર્ષા બહુ ઓછી થાય છે; પરંતુ શિયાળામાં હિમવર્ષા ખૂબ થાય છે. શિયાળામાં પડેલો આ બરફ ઉનાળો આવતાં નાના–મોટા જળપ્રવાહોનું સ્વરૂપ ધારણ કરીને ગંડકીમાં પહોંચે છે. આ જળપ્રવાહોની સાથે માટી અને માટીમાં દટાયેલા શાલિગ્રામ પણ નદીમાં આવી જાય છે.

અમારા નવમિત્ર દોરમાજી સાથે વાતો કરતાં-કરતાં અને આ પ્રદેશનો પરિચય પામતાં–પામતાં અમે આગળ ચાલી રહ્યા છીએ.

આ વિસ્તારમાં લગભગ સર્વત્ર શાલિગ્રામ મળે છે. તો પણ ઉત્તમ શાલિગ્રામ પ્રાપ્ત કરવાનું સર્વશ્રેષ્ઠ સ્થાન તો દામોદરકુંડ અને તેની આજુબાજુનો વિસ્તાર છે. હિન્દુ ધર્મમાં અને વિશેષતઃ વૈષ્ણવ પરંપરામાં તો શાલિગ્રામની પૂજાનો અપરંપાર મહિમા છે. શાલિગ્રામનો આવો મહિમા સમજીને જ જમ્મુના રઘુનાથમંદિરમાં 12 લાખ શાલિગ્રામ પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા છે.

લગભગ બે કલાક અમે નદીના પટમાં ચાલ્યા. નદીના પટની સાવ બાજુમાં પહાડની ગોદમાં જમણી બાજુએ એક મકાન છે. દોરમાજીએ અમને સમજાવ્યું કે આ એક નાની પહાડી હોટેલ છે. ભોજન, ચા, નાસ્તા આદિની વ્યવસ્થા અહીં થાય છે. આ સમગ્ર વિસ્તારમાં તિબેટિયન વંશની બૌદ્ધ પ્રજા વસે છે. તેમની વચ્ચે આ હિન્દુ રાજપૂત પરિવાર રહે છે. હોટેલનો માલિક, મૅનેજર, રસોયો અને સેવક બધું તે જ છે.

અમે અમારો સામાન મૂકીને થોડી વાર આરામ કરવા બેઠા.

અમારી પાસે જ નેપાલ પોલીસના એક ઉચ્ચ કક્ષાના અધિકારી બેઠા છે. અહીંથી તિબેટની સરહદ દૂર નથી. પશ્ચિમના દેશોમાંથી ઘણા પ્રવાસીઓ અહીં આ વિસ્તારમાં ફરવા માટે આવે છે. આ વિદેશી પ્રવાસીઓ મર્યાદામાં રહે અને આ સરહદી વિસ્તારની શિસ્તનો ભંગ ન કરે, તે જોવાની તેમની ફરજ છે. તેમની સાથેની વાત પરથી અમે જાણ્યું અહીં આ નાનકડી પહાડી હોટેલમાં અમને શાકાહારી ભોજન મળી શકશે નહિ. **ક્રમશઃ**



# સ્નાન, દાન અને પતંગોત્સવનું પર્વ ‘ઉત્તરાયણ’

સંસ્કૃતિ દર્શન

સનત દવે

બે દિવસ પછી નાના-મોટા સૌનું ગમતીલું પર્વ ઉત્તરાયણ આનંદથી ઉજવાશે. મકરસંક્રાતિનું મહત્ત્વ દેશભરમાં રહેલું છે અને વિવિધ રાજ્યોમાં ત્યાંની પરંપરાગત આ તહેવારની ઉજવણી થશે. જપ, તપ, ધ્યાન, ભક્તિ અને દાનનો મહિમા ધરાવતું આ ધર્મપર્વ મુખ્યત્વે સૂર્યનારાયણની પૂજાનું પર્વ છે. જ્યોતિષશાસ્ત્રના કથન મુજબ વર્ષ દરમ્યાન સૂર્યની ગતિ અને દિશામાં બે વખત ફેરફાર થાય છે. મતલબ કે રાશિ પરિવર્તન થતું હોય છે. સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. એટલે મકરસંક્રાતિ તરીકે ઓળખીએ છીએ. આ સમયે સૂર્ય ઉત્તર દિશાએથી ગતિ કરતો હોય છે તેથી ઉત્તરાયણ શબ્દ પણ પ્રયોજાય છે. દર વર્ષે 14 જાન્યુઆરીએ ઉજવાતા આ સનાતની પર્વ વિશે આશ્ચર્ય એટલા માટે થાય કે બધા હિન્દુ તહેવારો વિક્રમ સંવતના હિન્દુ કેલેન્ડર મુજબ ઉજવાતા હોય છે તો ગ્રેગરિયન કેલેન્ડર મુજબ આ તહેવાર કેમ મનાવાય છે? હિન્દુ કેલેન્ડર ચંદ્રકળા પર આધારિત છે, પણ સૂર્યનારાયણ સ્પર્શી આ પર્વ હોવાથી ગ્રેગરિયન સૌર આધારિત કેલેન્ડર મુજબ 14મી જાન્યુઆરીએ ઉજવાય છે. ભાગ્યે જ એવું બને છે કે 14ના બદલે સંયોગના આધારે 15મી જાન્યુઆરીએ આ પર્વ આવે છે.

ઉત્તરાયણનું પર્વ એક દિવસ ઉજવાતું હોવા છતાં સૂર્યની ઉત્તરાયણ ગતિ છ માસના સમયગાળા સુધીની હોય છે. જે 14 જુલાઈથી સૂર્ય દક્ષિણ દિશામાંથી ગતિ કરતો હોય છે તેથી એ દક્ષિણાયનનો પ્રારંભ થતો હોય છે. શાસ્ત્રોમાં ઉત્તરાયણ સમયગાળાને હકારાત્મક અને દક્ષિણાયનને નકારાત્મકતાનું પ્રતિક મનાય છે. મતલબ જે શરીર સ્વાસ્થ્ય સાથે સ્પર્શતી બાબત છે. એટલે કે દક્ષિણાયન સમય દરમ્યાન સ્વાસ્થ્ય સમતુલા જાળવવા માટે એકટાણા ઉપવાસ કરાવે એવા ઘણા બધા તહેવારો આવે છે. આ બધા પર્વ પૌરાણિક પરંપરા આધારીત હોય છે અને ધાર્મિક કથા સાથે જોડાયેલા હોય છે. ઉત્તરાયણ પર્વ અંગે એવી ધાર્મિક માન્યતા છે કે આ દિવસે સૂર્ય નારાયણ તેના પુત્ર શનિને મળવા તેમના નિવાસે મળવા જતા હોય છે. શનિ એ મકર અને કુંભ રાશિના સ્વામી છે. એટલે સૂર્યની મકરરાશિમાં પ્રવેશ સાથે કથા જોડાયેલી છે. એક કથા એવી પણ છે કે ભગવાન વિષ્ણુએ આ દિવસે અનેક અસુરોનો સંહાર કરી તેના મસ્તક કાપી મંદરાચલ પર્વત પર દાટી દીધા હતા એટલે અસૂરો પર વિજય દિવસ તરીકે પણ આ મકરસંક્રાતિનું પર્વ ઉજવાય છે.

ગુજરાત ઉત્તરાયણ અને નવરાત્રિના તહેવારની ઉજવણી માટે વિશ્વવિખ્યાત થયું છે. પતંગ ઉડાવવાની પરંપરા ખરેખર ક્યારથી ચાલુ થઈ તેની સચોટ માહિતી ક્યાંય મળતી નથી પણ ગુજરાતનો પોતીકો તહેવાર છે. ગુજરાતના અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટ જેવાં શહેરો સાથે નાના-મોટા શહેરોમાં પણ લોકો પતંગબાજીનો ખૂબ આનંદ લૂંટે છે. સવારથી જ નાના-મોટા સૌ કોઈ છાપરે, ધાબા પર કે અગાસીઓમાં ચઢી જઈને પતંગબાજીમાં વ્યસ્ત થઈ જતાં હોય છે. સાથે ચણાનાં જીંજરા, શીંગ, દાળીયા કે તલની ચીકી, તલના-મમરાના લાડુ આ પર્વ પર ખાવાની એક પરંપરા બની ગઈ છે. દેશી ગોળમાં બનેલી તલની ચીકી કે તલના લાડુ ખાવા પાછળની ધાર્મિક અને આયુર્વેદિક મહત્ત્વતા ઘણી દર્શાવાઈ છે. આગળ જણાવ્યાનુસાર આજના દિવસે ભગવાન વિષ્ણુએ અનેક અસૂરોનો સંહાર કરેલ તેથી લોકોએ તલના લાડું ખાઈને અસત્ય પર સત્યના વિજયને વધાવ્યો હતો. સ્વાસ્થ્યની દષ્ટિએ જોઈએ તો શિયાળામાં શરીરનું તાપમાન ઘટી જતું હોય છે અને તલ તથા ગોળ બંને ગરમ વસ્તુ છે જેને આરોગવાથી શરીરના અંદરનું તાપમાનનું બેલેન્સ જળવાઈ રહે છે. તલમાં કોપર, મેગ્નેશિયમ, આર્યન, કેલ્શિયમ, ફોસ્ફરસ, ઝિંક અને વિટામીન બી1 જેવા તત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે. ઉપરાંત તલમાં એન્ટીઓક્સિડન્ટ જેવા ગુણો જે હોય છે તે લોહીમાં લિવિડ પ્રોફાઈલ વધારવાનું કામ કરે છે. આયુર્વેદમાં છ પ્રકારના રસનો ઉલ્લેખ છે જેમાંથી ચાર રસ કાળા તલમાં હોય છે. રસોઈમાં વપરાતા જુદા જુદાં તેલમાં તલનું તેલ વધુ સાત્ત્વિક અને પૌષ્ટિક ગણાય છે. વિવિધ પ્રકારની પૂજા, હવન, કે લગ્ન જેવા શુભકાર્યોમાં તલની ઉપસ્થિતિ અનિવાર્ય હોય છે. મકરસંક્રાતિ પર તલના દાનનો મહિમાં પણ ઘણો છે. તલના દાનથી શનિનો પ્રકોપ ઓછો થાય અને તલ ભગવાન વિષ્ણુને પણ પ્રિય હોવાથી લક્ષ્મી-નારાયણની કૃપા થાય છે.

ઉત્તરાયણ પહેલાના આઠ દિવસ માટે કડકડતો ખીચડો બેસી ગયો તેવા શબ્દો પ્રયોજાય છે એટલે કે આ આઠ દિવસોમાં કોઈ પણ શુભ ખરીદી કે શુભકાર્ય થતું નથી. ઉત્તરાયણથી દરેક પ્રકારનાં શુભકાર્યો થઈ શકે છે. ઉત્તરાયણમાં સાત ધાનની ખીચડી ખાવાની પરંપરા છે જોકે જે હવે એ લુપ્ત થતી જાય છે. વાલ-વટાણા, તુવેર, ચણાદાળ, મગની દાળ, ચોળી, મગ અને ચોખા એમ બધુ ભેગુ કરી ખાંડીને અધકચરો ભૂકો કરી બે ત્રણ કલાક પલાળીને પછી કુકરમાં બાફવા મુકી મીઠું, લવીંગ અને સ્વાદ અનુસાર મસાલા નાખી ખીચડી જે બને છે તે ઘરના બધા સદસ્યોને ખૂબ જ ભાવે તેવી સ્વાદિષ્ટ બનતી હોય છે. હજુયે ઘણા બધા પરિવારોમાં આ પરંપરા જળવાયેલી છે.

સ્નાન અને દાનના પર્વ તરીકે ઓળખાતા મકરસંક્રાતિ પર્વ પર તીર્થધામોમાં સરિતાસ્નાન અને દાન-ધર્માદાનું વિશેષ મહત્ત્વ રહેલું છે. પ્રયાગરાજમાં ગયા વર્ષના મહાકુંભ પછી આ વખતે પણ ત્રિવેણીસંગમમાં માઘસ્નાન માટે લોકો ઉમટી રહ્યાં છે. મકરસંક્રાતિના પર્વ પર અધિકાધિક લોકો સ્નાન અને દાનના ધર્મ લાભ માટે ખૂબ ભીડ જમાવશે. હરિદ્વાર, કાશી, અયોધ્યા જેવા તીર્થધામોમાં પણ સરિતા સ્નાન માટે ખૂબ ભીડ થાય છે. પશ્ચિમ બંગાળના ગંગાસાગર ખાતે મેળાનું આયોજન થતું હોય છે. ખાસ કરીને ગંગા-સાગરના મિલન સ્થળે પણ લાખોની મેદની થતી હોય છે તો તીર્થધામો સુધી પહોંચી ના શકતા લોકો ગામ-શહેરમાં વહેતી નદીઓમાં સ્નાન કરતા હોય છે. સ્નાન પછી દાનનું વિશેષ મહત્ત્વ છે. ગૌશાળા, વૃદ્ધાશ્રમ, બાળાશ્રમ કે ધર્મસ્થળોએ આ પર્વ પર દાનનો પ્રવાહ અવિરત વહેતો હોય છે.

ગુજરાત આખુ મકરસંક્રાતિનું પર્વ મનાવતું હોય છે મતલબ કે પતંગો ઉડાવતા હોય છે ત્યારે સિદ્ધપુરના અને ખંભાતના લોકો બાકાત હોય છે. એનું કારણ એ છે કે સિદ્ધરાજ જયસિંહનું અવસાન મકરસંક્રાતિના દિવસે થયેલું ત્યારથી લોકો ઉત્તરાયણના તહેવારને આ દિવસે ના ઉજવતા છેક દશેરા પર ઉજવે છે. તો ખંભાત માટે એવું કહેવાય છે કે આ ગામ પતંગ બનાવવા માટે ખૂબ વિખ્યાત છે. અહીં લગભગ ઘરે ઘરે પતંગ બનાવવાનો ગૃહઉદ્યોગ ચાલે છે અને ઉત્તરાયણ પર ખૂબ કામ હોવાથી 14 જાન્યુઆરી પછી આવતા પ્રથમ રવિવારે ઉત્તરાયણ ઉજવે છે. ઉત્સવપ્રિય લોકોના ગુજરાતમાં 1989થી અમદાવાદ ખાતે પતંગોત્સવ ઉજવાય છે. જોકે 92ના અને 2002ના તોફાનો ઉપરાંત કોરોના સમય જેવા અમુક વર્ષ બાદ કરતાં પ્રતિવર્ષ પતંગોત્સવ ઉજવાતો રહ્યો છે અને હવે તો વિવિધ શહેરોમાં પણ પતંગોત્સવનું આયોજન થતું રહ્યું છે. ગયા વર્ષે 3.83 લાખ જેટલા પ્રવાસીઓએ પતંગોત્સવ દરમ્યાન ગુજરાતની મુલાકાત લીધી હતી. તો આ વર્ષે પાંચ લાખથી વધુ લોકો વિદેશથી કે અન્ય રાજ્યોમાંથી ગુજરાત આવશે એવું ગુજરાત ટુરીઝમની એક સૂચિમાં જાણવા મળ્યું હતું.

> **ગુજરાત ઉત્તરાયણ અને નવરાત્રિના તહેવારની ઉજવણી માટે વિશ્વવિખ્યાત થયું છે. પતંગ ઉડાવવાની પરંપરા ખરેખર ક્યારથી ચાલુ થઇ તેની સચોટ માહિતી ક્યાંય મળતી નથી પણ ગુજરાતનો પોતીકો તહેવાર છે. ગુજરાતના અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટ જેવાં શહેરો સાથે નાનાં-મોટાં શહેરોમાં પણ લોકો પતંગબાજીનો ખૂબ આનંદ લૂંટે છે**

જો કે આ વખતે તો પતંગોત્સવ ગત તા. 10થી પ્રારંભાઈ ચૂક્યો છે. ગત 10મીએ રાજકોટ, સુરત અને કચ્છના ધોળાવીરા ખાતે પતંગોત્સવ ઉજવાયો તો વડનગર, શિવરાજપુર અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે 11 જાન્યુઆરીએ પતંગોત્સવનું આયોજન કરાયું હતું. વડોદરામાં આવતી કાલે તા. 13મીએ પતંગોત્સવ ઉજવાશે પણ આજે તા. 12મીએ અમદાવાદના રીવર ફ્રંટ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સવારે 9.00 કલાકે પતંગોત્સવનો પ્રારંભ કરાવશે. ભારત-જર્મનીના સંબંધો વધુ મજબૂત કરવાના આશયે જર્મનીના ચાન્સેલર ફેડરીચ મર્ઝ ભારતની બે દિવસની મુલાકાતે આવેલ છે તેથી તેઓ આજે અમદાવાદ પતંગોત્સવમાં હાજરી આપશે, મોદીજી તેમનું ઉષ્માસભર ભવ્ય સ્વાગત કરશે. જો કે અમદાવાદના આ પતંગોત્સવમાં આનંદ-પ્રમોદના સ્ટોલ્સ, ખાણી-પીણીના સ્ટોલ્સ ઉપરાંત એમ્યુઝમેન્ટ પાર્ક જેવી વ્યવસ્થાઓ કરાઈ છે.

જો કે મોદીજીની હાજરીથી આ વખતના પતંગોત્સવ માણવા આવનારની સંખ્યા અધિકાધિક હશે. આ વખતે 50 દેશના 135 પતંગબાજો અહીં જાતજાતની રંગબેરંગી પતંગો લઈને આવ્યા છે તો 13 રાજ્યોના 65 ઉપરાંત અને ગુજરાતના જ 16 જિલ્લાના 871 જેટલા પતંગબાજો સહિત કુલ 1071 પતંગબાજો રંગબેરંગી પતંગોથી આજે આકાશને ભરી દેશે.

॥ કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ॥

લેખાંક-૪૭

# પૂતનાની મુક્તિ

અધ્યાત્મ દર્શન

અનુપ શાહ

*॥ નમામિ શ્રી બાળકૃષ્ણમ યશોદોત્સંગલાલિતમ*
*પૂતના સુપયઃપાન રક્ષિતા શેષ બાલકમ ॥*

જ્યારે શ્રીકૃષ્ણે પૂતનાની છાતીને અત્યંત બળપૂર્વક દબાવી ત્યારે તે ધરતી પર પછડાઈ ગઈ અને પોતાના હાથ ફેલાવીને તેમ જ પગ પછાડીને જોર જોરથી બૂમો પાડવા માંડી કે ‘બસ હવે રહેવા દે’, ‘મને છોડી દે’, ‘મને છોડી દે’. તે ખૂબ જોરથી ઘાંટા પાડી રડી રહી હતી. તેના મર્મસ્થાનોમાં ભયાનક દર્દ થવા માંડ્યું હતું. પરસેવે તે રેબઝેબ બની ગઈ હતી. પીડાને કારણે તેની આંખો ફાટી રહી હતી પરંતુ શ્રીકૃષ્ણ એટલા દયાળુ હતા કે જ્યારે પૂતના તેમને પયપાન કરાવવા આવી ત્યારે તેની આગળના જન્મની મનોકામના તેમણે પૂરી કરી દીધી. તેમની સાથે માતૃવત વ્યવહાર કર્યો, તેમનું સ્તનપાન કર્યું. આમ છતાં પણ કંસના આદેશ પ્રમાણે આવેલી પૂતના ચાલાકીથી વધુ દુષ્ટ કાર્યો ન કરે, વધુ બાળકોનો વધ ન કરે, વ્રજને બાળકો રહિત નહિ કરી દે તે હેતુથી તેને મારી નાખી. જો કે આ અસુરનીને શ્રીકૃષ્ણ દ્વારા મારવામાં આવી હતી અને બાળકૃષ્ણનું મુખ જોતા જોતા તેના પ્રાણ નીકળી ગયા હતા માટે તેને મુક્તિ પ્રાપ્ત થઇ ગઈ.

“ ગઈ મારન પૂતના કુચ કાલકૂટ લગાઈ
માતુ કી ગતિ દેઈ તાહિ કૃપાલુ જાદવ રાઈ ॥”

જ્યારે વેદનાથી બૂમો પાડતી પૂતના મરી ગઈ ત્યારે પૃથ્વી, આકાશ સહિત ચારે દિશાઓમાં હડકંપ મચી ગયો. ગ્રહો અને નક્ષત્રો ચલાયમાન થવા માંડ્યા. લોકોએ માન્યું કે કોઈ વજ્રપાત થયો છે. અત્યંત વ્યથિત થયેલી પૂતના પ્રાણથી મુક્ત થઇ હાથપગ પ્રસારીને ધરતી પર પડી ત્યારે નંદની હવેલીનો કેટલોક ભાગ પણ તૂટી ગયો. પૂતનાનું સુંદર સ્ત્રી તરીકેના દેહનું મૃત્યુ થયું કે તરત તે એક વિરાટ ‘અસુરની’ ના વાસ્તવિક રૂપમાં આવી ગઈ. તેનું ભયાનક મોઢું ખૂલી ગયું અને પોતાના હાથ-પગ ફેલાવીને જમીન પર એ રીતે પડેલી દેખાઈ કે જે રીતે ઈન્દ્રના પ્રહારથી વૃત્રાસુર પડ્યો હતો. તેના રાતા લાંબા વાળ તેના આખા શરીર પર વિખરાઈ ગયા. તેનું નિશ્ચેત પડેલું શરીર બાર માઈલ જેટલા વિસ્તારમાં ફેલાઈ ગયું અને એટલા વિસ્તારમાં રહેલા તમામ વૃક્ષ ધરાશાયી થઇ ગયાં. તેના દાંત અને ઉગ્ર દાઢો જાણે સડકને ખોદી હોય તેવા દેખાતા હતા. તેના સ્તન નાની નાની પહાડિયો જેવા પ્રતીત થઇ રહ્યાં હતાં. તેની આંખોના ખાડા અંધકૂપ જેવા, તેની બે જાંઘો નદીના બે કિનારા જેવી, તેના બંને હાથ સેતુ જેવા અને તેનું પેટ સૂકાં સરોવર જેવું દેખાઈ રહ્યું હતું. ગોવાળો, ગોપીઓ વગેરે જેમણે પણ એના પ્રચંડ અને વિશાળ શરીરને જોયું, તેઓ આશ્ચર્યચકિત થઇ ભય પામી ગયા. પૂતનાનો સ્થૂળ દેહ પૃથ્વી પર પડવાથી જે પ્રચંડ અવાજ થયો તેનાથી તેમના મગજ અને કાન પર ગંભીર અસર થઇ અને તેમના હૃદય ખૂબ જોરથી ધબકવા માંડ્યા અને તેઓ ગભરાઈને જમીન પર સૂઈ ગયા. (અગાઉના લેખમાં સમજ્યા તે પ્રાણાધ્યાસ)


બીજી બાજુ બાળકૃષ્ણ પૂતનાની ગોદમાં નિર્ભયતાથી અને આરામથી રમી રહ્યા હતા. તેમને જોઈ ગોપીઓએ તેમને તરત ઉઠાવી લીધા અને યશોદાજીને ઠપકો આપવા માંડી કે, ‘અમે અનેક બાધાઓ રાખી ત્યારે તમારે ત્યાં દીકરો થયો અને તેની તમને કદર નથી. આવા રત્ન જેવા દીકરાની તમે બરાબર સંભાળ રાખતા નથી વગેરે વગેરે’.

ત્યાર બાદ ગોપીઓએ લાલાની નજર ઉતારવા તેમનાં અંગો પર ગાયનું પૂંછડું ફેરવ્યું. પૂતનાના મૃત્યુ પછી બાળકૃષ્ણ માટે શુદ્ધિકરણની ક્રિયા પણ કરવામાં આવી. આ ક્રિયા પછી યશોદા, રોહિણી અને ઉપસ્થિત ગોપીઓએ વૈદિક વિધિ અનુસાર તરત અશુભ તત્ત્વ દૂર કરતી વિધિ કરાવી. બાળકૃષ્ણને છાણ અને ગોમૂત્રથી નવડાવવામાં આવ્યા અને ગાયના પગ નીચે દબાયેલી માટી તેમના શરીર પર ચોળવામાં આવી. કેશવ વગેરે ભગવાનના નામોવાળા ગીતો ગાઈને રક્ષા વિધિ કરી. આના માટે શ્રીમદ ભાગવતમાં ‘ગૌમુત્રેણ સનાપયિત્વા’ શબ્દોનો ઉલ્લેખ છે. જો કે શ્રીકૃષ્ણના દિવ્ય શરીરને કોઈ સંરક્ષણની આવશ્યકતા નહોતી પરંતુ આપણને ગાયની મહત્તાનો ઉપદેશ આપવા માટે અને આ લીલામાં રહેલા અધ્યાત્મભાવ, અધિદૈવભાવ અને અધિભૂતભાવ સમજાવવા માટે જ આ વર્ણન કરાયું હોય તેવું પ્રતીત થાય છે.

ત્યાર બાદ યશોદા અને રોહિણીને ખૂબ પસ્તાવો થયો કે આપણે લાલાના રક્ષણમાં ખૂબ ગાફેલ રહ્યા. હવે પછી બિલકુલ ગાફેલ નહિ રહેતા અત્યંત સાવધ રહેવું તેવી તેમને આંતરસ્ફુરણા થઈ. બંનેએ પોતાના હાથ-પગ ધોયા અને ત્રણ વખત જળનું આચમન કરી પોતાનાં અંગોમાં તેમ જ બંને હાથમાં જુદા જુદા અગિયાર ‘બીજન્યાસ’ કર્યા. બીજી તરફ ભયની હાકલ સાંભળી ત્યાં આવી પહોચેલા નંદે સિપાહીઓને સખત ઠપકો આપ્યો. સર્વ લોકોએ નંદના તેમ જ યશોદાના ભાગ્યની પ્રશંસા કરી. યશોદાએ ભગવાન બાળકૃષ્ણને ગોપીઓના હાથમાંથી લઈ ધવડાવવા માંડ્યા અને તેમને પોઢાવી દીધા.

આ શુદ્ધિકરણ પછી યશોદા, રોહિણી અને ઉપસ્થિત ગોપીઓએ ભગવાન વિષ્ણુના વિવિધ નામોના ઉચ્ચારણ વડે પ્રાર્થના કરી કે જેનાથી શ્રીકૃષ્ણના શરીરને કોઈ પણ કુપ્રભાવથી સુરક્ષા પ્રાપ્ત થાય. પ્રાર્થના સમજતા પહેલાં એક તથ્યની નોંધ લઈએ કે ગોપીઓને ઋષિરૂપ કહેવામાં આવે છે કારણ કે મોટા મોટા ઋષિઓ શ્રીકૃષ્ણ જન્મ વખતે ગોપી થયા હતા. ગોપીઓ ઋષિ હોવાથી તેમને મંત્રોનું જ્ઞાન હતું. આથી લાલાના શ્રી અંગ પર હાથ ફેરવી તેમણે મંત્રોચ્ચાર શરૂ કર્યો.

(ક્રમશઃ)



> **પૂતનાનું સુંદર સ્ત્રી તરીકેના દેહનું મૃત્યુ થયું કે તરત તે એક વિરાટ ‘અસુરની’ ના વાસ્તવિક રૂપમાં આવી ગઈ. તેનું ભયાનક મોઢું ખૂલી ગયું અને પોતાના હાથ-પગ ફેલાવીને જમીન પર એ રીતે પડેલી દેખાઈ કે જે રીતે ઇન્દ્રના પ્રહારથી વૃત્રાસુર પડ્યો હતો**